# ગાંધીનગરની દીકરી સહિત યુક્રેન બોર્ડર પર સેંકડો ભારતીય વિદ્યાર્થીઓ ફસાયા

## આકરી ઠંડી વચ્ચે ખોરાક-પાણી વિના અને યુદ્ધના ભય વચ્ચે ફસાયેલા ભારતીય-ગુજરાતી વિદ્યાર્થીઓ મદદ માટે ભારત સરકારને સતત વિનંતી કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૬

રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની વચ્ચે ગુજરાતના ૭૧ વિદ્યાર્થીઓ હાલમાં યુક્રેન બોર્ડર પર ફસાઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાક કરતા વધુ સમયથી પોતાનુ શહેર છોડીને નીકળેલા વિદ્યાર્થીઓ ખુબ જ વિકટ પરિસ્થિતિ અને આકરી ઠંડીની વચ્ચે હાલમાં ભારત પરત આવવાના રસ્તાઓ શોધી રહ્યા છે. ભારતીય એમ્બેસી તેઓને ઝડપથી પરત લાવવાની વ્યવસ્થા કરે તેવી તેઓ રજૂઆત કરી રહ્યા છે.

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થઈ ચુક્યુ છે. છેલ્લા ત્રણ દિવસથી શરૂ થયેલુ યુદ્ધ વધુને વધુ ભીષણ બની રહ્યુ છે. યુક્રેનમાં મેડીકલનો અભ્યાસ કરવા ગયેલા વિદ્યાર્થીઓ અહીં ફસાઈ ગયા છે. યુક્રેનમાં એરસ્પેસ હાલમાં બંધ હોવાથી વિદ્યાર્થીઓને વાયા પોલેન્ડ, હંગેરી અને રોમાનિયા જવા જણાવાયુ છે. ભારતીય એમ્બેસી તેઓને ત્યાંથી પરત લાવવાની વ્યવસ્થા ગોઠવશે તેઓ સંદેશ મળતા જ હજ્જારો ભારતીય વિદ્યાર્થીઓ જે સાધન મળે તે સાધન લઈને બોર્ડર તરફ જઈ રહ્યા છે. આ વિદ્યાર્થીઓમાં ગુજરાતના ઘણા વિદ્યાર્થીઓ છે. સેક્ટર-૨ માં રહેતી નૃપાક્ષી પણ પોતાના મિત્રો સાથે હાલમાં પોલેન્ડની બોર્ડર પર ફસાઈ છે. યુક્રેનમાં હાલ ઈમરજન્સીની પરિસ્થિતિ હોવાથી ખાનગી વાહનોવાળા મજબૂર વિદ્યાર્થીઓ પાસેથી મનફાવે તેટલુ ભાડુ વસુલીને તેમને યુક્રેનની બોર્ડર પાસે પહોંચાડી રહ્યા છે. બોર્ડર પર સ્થિતિ વધુ વિકટ છે. યુદ્ધના કારણે ભયભીત બનેલા ભારતીય સહિત અન્ય વિદેશી નાગરિકો યુક્રેન છોડવા માટે હાલમાં યુક્રેન બોર્ડર પહોંચ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓ ફરીયાદ કરી રહ્યા છે કે બોર્ડર પર ભારતીય એમ્બેસી દ્વારા કોઈ વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી. યુક્રેન-પોલેન્ડ બોર્ડર પર ફસાયેલ ભારતીય વિદ્યાર્થીઓ હાલમાં ભયંકર ઠંડી અને યુદ્ધના ભીષણ માહોલ વચ્ચે અહીં ફસાયા છે. બોર્ડર પર ૩૦ થી ૪૦ કિ.મી. લાંબો ટ્રાફિક જામ છે. ટ્રાફિક જામના કારણે વિદ્યાર્થીઓને ઘણા કિલોમીટર દૂર ઉતરી જવુ પડ્યુ છે અને ત્યાંથી ૨૦-૩૦ કિ.મી. ચાલીને બોર્ડર સુધી પહોંચવુ પડી રહ્યુ છે. અહીંથી તેઓને બોર્ડર પાસ કરવા દેવામાં આવતી નથી. વિદ્યાર્થીઓ ખુબ જ વિકટ પરિસ્તિમાં અહી કલાકો પસાર કરી રહ્યા છે. ખોરાક-પાણીની અછત સર્જાઈ છે. જો વધુ કલાકો આવી પરિસ્થિતિમાં કાઢવા પડશે તો વિદ્યાર્થીઓની તબીયત લથડી શકે છે. ચારેબાજુ અરાજકતા ફેલાઈ હોવાથી વિદ્યાર્થીઓ ખુબ જ અસહાય પરિસ્થિતિમાં કોઈ મદદ મળે તેની રાહ જોઈને અહીં બેસી રહ્યા છે.





### ભારતીય વિદ્યાર્થીઓને યુક્રેનથી પરત લાવવાના દાવા પોકળ

ગાંધીનગર, તા. ૨૬

ડૉક્ટર બનવાના સપનાને આંખોમાં આંજીને યુક્રેન ગયેલા ભારતીય વિદ્યાર્થીઓ હાલમાં ખુબ જ વિકટ પરિસ્થિતિમાં તેઓને ભારત પરત આવવા કોઈ મદદ મળે તેની રાહ જોઈ રહ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓને પરત લાવવા માટે કેન્દ્ર સરકારે લીધેલા વિવિધ પગલાંઓના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. બોર્ડર પર ફસાયેલા વિદ્યાર્થીઓ જણાવી રહ્યા છે કે બોર્ડર પર ભારતીય એમ્બેસીના કોઈ અધિકારીઓ જોવા મળી રહ્યા નથી. તેમના માટે શુ વ્યવસ્થા કરવામાં આવી તેની માહિતી પણ તેઓ સુધી પહોંચી નથી.

યુક્રેન અભ્યાસ કરવા ગયેલા ભારતીય વિદ્યાર્થીઓ અને અહીં વતનમાં રહેલા તેમના વાલીઓ ખુબ જ ઉચાટ જીવે સમય પસાર કરી રહ્યા છે. યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે યુક્રેન બોર્ડર પર ફસાયેલા હજારો ભારતીય વિદ્યાર્થીઓ ભારત સરકાર પાસે મદદની ગુહાર લગાવી રહ્યા છે. વિદેશ મંત્રાલય દ્વારા આ વિદ્યાર્થીઓને પરત લાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે આ વ્યવસ્થા પુરતી નથી તેવુ આ વિદ્યાર્થીઓ જણાવી રહ્યા છે. હજારો વિદ્યાર્થીઓ યુક્રેનની બોર્ડર પર આકરી ઠંડીમાં સમય પસાર કરી રહ્યા છે. યુક્રેન સરકાર તેમને બોર્ડર પાસ કરવા દેતી નથી. કેટલાય કિલોમીટર ચાલીને યુક્રેન બોર્ડર પર પહોંચેલા ભારતીય વિદ્યાર્થીઓ ખોરાકની અછતનો સામનો કરી રહ્યા છે. ભારતીય એમ્બેસીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે પરંતુ તેમને ક્યાંયથી સંતોષકારક જવાબ મળતો નથી. વહેલામાં વહેલી તકે તેઓને પરત લાવવામાં આવે તેવી તેઓ સરકારને રજૂઆત કરી રહ્યા છે.

# શહેરમાં ફુટપાથના ગાબડા હજુ પુરાયા નથી

## સે-૧૭માં વોક-વેનુ કામ હાથ ધરાયુ




ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં લાંબા સમયથી ફુટપાથની દશા ખરાબ છે. ફુટપાથ પર ઠેર ઠેર ઉખડી ગયેલી ટાઈલ્સો વચ્ચે મોટા ગાબડા જોવા મળે છે. અગાઉ ફુટપાથ રીપેરીંગ માટે આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ હાલમાં પણ ઠેર ઠેર ફુટપાથ તુટેલી હાલતમાં છે. જેના લીધે વોકીંગ કરનારાઓ ગમે ત્યારે ગોથે ચઢવાનો વારો આવે છે. હાલ સે-૧૭ માં ફુટપાથનુ કામ હાથ ધરાયુ છે ત્યારે શહેરમાં ઉભા આડા માર્ગો આસપાસ તુટેલી ફુટપાથનુ પણ સમયસર રીપેરીંગ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી ફુટપાથના રીપેરીંગનુ કામ ગોથે ચઢ્યુ છે. અગાઉ ગત જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ફુટપાથના ગાબડા પુરવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ હજુ પણ શહેરના ઉભા આડા માર્ગો પર ઠેર ઠેર તુટેલી ફુટપાથ જોવા મળે છે. નગરમાં વિવિધ માર્ગો આસપાસ સ્થિત વોક વે અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે. ફુટપાથ આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ પણ થયુ નથી જેના લીધે વોકીંગ કરનારાઓ માટે જોખમી ફુટપાથની સાથે તેની પણ વિશેષ સાવધાની રાખવી પડે છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મી ના વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક પથરાયેલુ છે. જયારે અગાઉ ફુટપાથના ગાબડા પુરવા માટે પણ આયોજન કરાયુ હતુ. હાલમાં પણ તંત્રએ ફુટપાથ રીપેરીંગ માટે સર્વે હાથ ધરવાની અનિવાર્યતા છે. સેકટરવાસીઓ ફુટપાથ વચાળે પડેલા ગાબડાથી તંગ આવી ગયા છે. જયારે જે જગ્યાએ ફુટપાથનુ કામ બાકી છે તે પણ ઝડપથી પુર્ણ થાય તે માટે આયોજન કરવાની અનિવાર્યતા હોવાની રજુઆત પણ કરી રહ્યા છે. હાલ તંત્ર દ્વારા સે-૧૭ માં ફુટપાથનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સે-૧૭ માં થોડા સમય અગાઉ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી પ્રદર્શન સેન્ટર તરફ જવાના માર્ગનુ પણ કામ હાથ ધરાયુ હતુ આ માર્ગનુ વાઈડનીંગ કરાયુ હતુ જયારે વચાળે ડીવાઈડર સહીત આસપાસ સ્થિત વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવ્યુ છે. જયારે હાલ સે-૧૭ માં શોપિંગ થી સે-૧૭ :૨૨ તરફ જવાના માર્ગ પર ફુટપાથની કામગીરી ચાલી રહી છે. ત્યારે શહેરના અન્ય માર્ગો પર ફુટપાથને યોગ્ય કરવા માટે પણ ત્વરિત કામ શરૂ થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે. સેકટરોના એપ્રોચ માર્ગ પાસે પણ ફુટપાથમાં કેટલાક ઠેકાણે મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત ઘ-૨ થી ચ-૨ તરફ જવાના માર્ગ પર પણ ફુટપાથ પરની ટાઈલ્સો ઉખડી ગયેલી જોવા મળે છે. શહેરના માર્ગોની સાથે ફુટપાથની દશા સુધારવા માટે પણ ત્વરિત કામ હાથ ધરવા માટે સર્વે હાથ ધરીને યોગ્ય આયોજન કરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૭ કેસ નોંધાયા

**સરગાસણમાં ૨, પેથાપુર, સે. ૨૨, ૫, ૧૭ માં કેસ નોંધાયા છે : ગાંધીનગર ગ્રામ્યમાં એક કેસ : ૧૭ રિકવર થતાં ડિસ્ચાર્જ**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર જિલ્લામાં કોરોના સંક્રમણ ઘટી જવા પામ્યુ છે જેથી તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે. શહેર-જિલ્લામાં આજે ૭ નવા કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં આજે ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક જ કેસ ગાંધીનગર તાલુકામાં મોતીપુરા ગામે નોંધાયેલ છે. જિલ્લામાં આજે ૫૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૬ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં આજે સરગાસણમાં ૨ કેસ, પેથાપુર, સે. ૨૨, ૫ અને સે. ૧૭ માં એક એક કેસ નોંધાયેલ છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

# વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ બે વાર પ્રોટોપ સ્પીકર, બે વાર કાર્યકારી અધ્યક્ષ બન્યા છે

## વિધાનસભામાં નવ કાર્યકારી અધ્યક્ષ બન્યા છે : કચ્છમાંથી અધ્યક્ષપદ સંભાળનાર ત્રીજા સભ્ય નીમાબેન છે

ગાંધીનગર, તા. ૨૬

આગામી બુધવારથી ૧૪મી રાજ્ય વિધાનસભાના દસમા સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે રાજ્ય વિધાનસભાના ૨૩મા અધ્યક્ષ તરીકે ડૉ. નીમાબેન આચાર્ય પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે કરશે.

વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય બે વખત પ્રોટોપ સ્પીકર રહ્યા છે અને બે વખત કાર્યકારી અધ્યક્ષ તરીકેનો કાર્યભાર પણ સંભાળી ચુક્યા છે. ડૉ. આચાર્ય આ પહેલાં અધ્યક્ષશ્રીની પેનલના સભ્ય રહી અને ગૃહનું સંચાલન સંભાળી ચુક્યા છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષોની પણ રસપ્રદ તવારીખ રહી છે. વિધાનસભામાં પ્રથમવાર કાર્યકારી અધ્યક્ષ તરીકે મનુભાઈ પાલખીવાળાની નિમણૂંક થઈ હતી. ૧૯૭૭માં તેમની નિમણૂંક થોડા દિવસો માટે થઈ હતી. આ પછી ડૉ. કરશનદાસ સોનેરીની નિમણૂંક કાર્યકારી અધ્યક્ષ તરીકે ૧૧ દિવસ માટે થઈ હતી.

૧૯૯૦માં મનુભાઈ પરમારની નિમણૂંક કાર્યકારી અધ્યક્ષ તરીકે થઈ હતી અને ત્રણ મહિના જેટલા સમય સુધી તેમણે આ કાર્યભાર સંભાળ્યો હતો. આ પછી ૧૯૯૬માં ચંદુભાઈ ડાભીને કાર્યકારી અધ્યક્ષપદ સોંપાયુ હતુ. કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ અને વિધાનસભામાં સૌથી વધુ વખત બજેટ રજુ કરનાર નાણાંમંત્રી રહેલા વજુભાઈ વાળાએ ૨૦૧૨માં કાર્યકારી અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી હતી.

૨૦૧૩માં નીમાબેન આચાર્યએ પહેલીવાર કાર્યકારી અધ્યક્ષપદ પાંચ દિવસ માટે સંભાળ્યુ હતુ. ૨૦૧૬માં પરબતભાઈ પટેલે કાર્યકારી અધ્યક્ષપદ ૧૫ દિવસ માટે સંભાળ્યુ હતુ.

૨૦૨૧માં નીમાબેન આચાર્યએ પુનઃ કાર્યકારી અધ્યક્ષપદ સ્વીકાર્યુ હતુ. ચાર દિવસ બાદ દુષ્યંત પટેલને કાર્યકારી અધ્યક્ષ બનાવાયા હતા

● અનુસંધાન પાન-૭ પર

**● કુન્દનલાલ ધોળકિયા બે વખત અધ્યક્ષ બન્યા**

કુન્દનલાલ ધોળકિયાએ ૧૯૭૫ થી ૭૭ અને ૧૯૭૭ થી ૧૯૮૦ દરમ્યાન અધ્યક્ષપદ સંભાળ્યુ હતુ.

**● અધ્યક્ષપદ છોડી મંત્રી બન્યા**

શશીકાન્ત લાખાણી ૧૯૯૦માં અધ્યક્ષપદ છોડી મંત્રીમંડળમાં જોડાયા હતા. ૨૦૧૧માં ગણપતભાઈ વસાવા અધ્યક્ષપદ છોડી મંત્રીમંડળમાં જોડાયા હતા. અને તાજેતરમાં વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષપદ છોડી મંત્રીમંડળમાં જોડાયા છે. આમ ત્રણ અધ્યક્ષો અધ્યક્ષપદ છોડી મંત્રીમંડળમાં જોડાયાની તવારીખી છે.

**● પાંચ મંત્રી અધ્યક્ષ બન્યા**

ભાજપના અશોક ભટ્ટ પક્ષના દંડક આ પછી મંત્રી અને ત્યારબાદ ૨૦૦૮માં વિધાનસભાના અધ્યક્ષ બન્યા હતા. વજુભાઈ વાળા પણ મંત્રીપદ છોડી કાર્યકારી અધ્યક્ષ અને પછી અધ્યક્ષ બન્યા હતા. ૨૦૧૪માં મંગુભાઈ પટેલ મંત્રી બન્યા પછી અધ્યક્ષ બન્યા હતા. આજ પ્રમાણે ગણપત વસાવા ૨૦૧૪માં પુનઃ બન્યા હતા. તેમજ રમણલાલ વોરા રાજ્યમંત્રી, કેબિનેટ મંત્રી બન્યા પછી અધ્યક્ષ બન્યા હતા. કાર્યકારી અધ્યક્ષ તરીકે મંત્રીપદે રહ્યા પછી પરબતભાઈ પટેલ અધ્યક્ષ બન્યા હતા.

**● દોલતભાઈ દેસાઈ સૌથી વધુ વખત પ્રોટોપ સ્પીકર બન્યા**

વલસાડના અગ્રણી દોલતભાઈ દેસાઈએ વિધાનસભાના પ્રોટોપ સ્પીકર તરીકે ત્રણ વખત ફરજ બજાવી છે. ૧૦, ૧૧, ૧૨ મી વિધાનસભામાં તેમણે પ્રોટોપ અધ્યક્ષપદ શોભાવ્યુ હતુ.

**● ગાંધીનગર જિલ્લાને અધ્યક્ષપદ એક વખત મળ્યુ**

ગાંધીનગર જિલ્લાની માણસા બેઠક પરથી વિજયી થયેલા પ્રો. મંગળદાસ પટેલ વિધાનસભાના અધ્યક્ષ બન્યા હતા. તેમણે ૩૦-૯-૨૦૧૦ થી ૨૪-૨-૨૦૧૧ ના સમયગાળા દરમ્યાન અધ્યક્ષપદ સંભાળ્યુ હતુ.

**● ગાંધીનગર જિલ્લાના વતનીઓ એક સાથે અધ્યક્ષ, વિપક્ષના નેતા અને ઉપાધ્યક્ષ રહ્યા**

૨૦૧૬માં વિધાનસભાના અધ્યક્ષપદે જિલ્લાના કલોલ તાલુકાના વેડા ગામના રમણલાલ વોરા, વિપક્ષના નેતા પદે વાસણના વતની શંકરસિંહજી વાઘેલા અને ઉપાધ્યક્ષ પદે શંભુજી ઠાકોર હતા. વિધાનસભાની તવારીખીમાં આ અનેરી ઘટના રહી છે.

# સ્માર્ટ સીટીના એસ ટી ડેપોમાં ગઠીયાઓનો અડ્ડો..

**મુસાફરો માટે આજા ... ફસાજા... જેવી સ્થિતિ : શહેરના હાર્દસમા વિસ્તારમાં સચિવાલયથી એક કી મી ના અંતરે સ્થિત ડેપોમાં પોલીસ પહેરો ગોઠવવા માટે છેલ્લા દોઢ દાયકાથી રજુઆતો થાય છે પરંતુ મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે : એસ ટી ની સલામત સવારી મુસાફરો માટે જોખમી બની**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં સુરક્ષા અને સલામતીના મામલે અનેકવાર સુફિયાણી વાતો થાય છે. સ્થાનિક નેતાઓ અને સત્તાધીશો અનેકવાર મોટી ગુલબાંગો હાંકીને સબ સલામતનો આત્મસંતોષ મેળવી લે છે. રાજયના પાટનગરમાં આમ નાગરિકોની સલામતીનો મુદ્દો હાલ શહેર વચાળે સ્થિત એસ ટી ડેપોના લીધે અનેક સવાલોના ઘેરાવ વચ્ચે આવી ગયો છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં ધોળા દિવસે ખુલ્લેઆમ મુસાફરોના ખિસ્સા કપાય.. મહીલાના ગળામાંથી સોનાના દોરાની તફડંચી .. અને મોબાઈલની ઉઠાંતરી જેના ગંભીર બનાવો રોજનો ક્રમ બની ગયા છે. સચિવાલયથી માત્ર એક કીલોમીટરના અંતરે સ્થિત એસ ટી ડેપો ચોર ગઠીયાઓનો અડ્ડો બની ગયુ છે. પાટનગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓના લીધે આમ પણ રોજબરોજ અહીં જુદા જુદા શહેરમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ જોવા મળે છે.

**સમયસર**

પરંતુ પાટનગરમાં પગ મુકતા જ તેમના ખિસ્સા ખાલી થઈ જાય છે. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવવાની યોજના અભેરાઈએ ચઢી ગઈ છે. ત્યારે મુસાફરોની સલામતીનો મુદ્દો પણ અદ્ધરતાલ છે. ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવાના મુદ્દે સતત દોઢ દાયકાની રજુઆતોના અંતે પણ કોઈ પરિણામ આવ્યુ નથી. વેકેશન હોય કે લગ્નસરાની મોસમ મુસાફરો રોજબરોજ પાકીટમાર તત્વોનો ભોગ બની રહ્યા છે. શહેર વચાળે ધોળા દિવસે બનતા આ બનાવો અટકે તે માટે હજુ સુધી પોલીસતંત્ર , નેતાઓ કે વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓએ કોઈ સંવેદના દાખવી નથી. રોજબરોજ મુસાફરો લુંટાય છે પણ કોઈના પેટનુ પાણી હલતુ નથી. સલામત સવારીમાં ચઢતા અને ઉતરતા પણ મુસાફરોએ ખિસ્સા પકડીને ઉતરવુ પડે તેવી સ્થિતિ છે. પાટનગરના બસ ડેપોની ઓળખ ચોર અને લુખ્ખા તત્વોના અડ્ડા સમાન બની ગઈ છે. સ્માર્ટ સીટીના મોડેલ ડેપોનુ શમણુ હજુ સાકાર થયુ નથી પરંતુ રોજબરોજ ખાલી ખિસ્સે ઘરે જતા મુસાફરો લમણુ પકડીને રોષ ઠાલવતા નજરે પડે છે. આજે પણ ગાંધીનગર ડેપોમાં એક મહીલાના ગળામાંથી સોનાનો દોર તોડવાની કોશિસ થઈ હતી. અમદાવાદનુ દંપતી મહેસાણા તરફ જતી બસમાં બેસવા જઈ રહ્યુ હતુ ત્યારે બસમાં ચઢતી વેળાએ અન્ય એક મહીલાએ ગળામાં હાથ નાંખી દોરો તોડવાની કોશિષ કરી હતી. પરંતુ સમયસુચકતાના લીધે દોરો તોડવાનો પ્રયાસ કરનાર મહીલા ઝડપાઈ ગઈ હતી. ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી ટ્રાફિક વધી ગયો છે. કોરોના કાળમાં લાંબા સમય બાદ એસ ટી ડેપોમાં મુસાફરોની ભીડ ઉભરાતી જોવા મળે છે. તેમાંય હાલ લગ્નસરાની મોસમ ચાલી રહી હોવાના લીધે મુસાફરોનો ઘસારો વધુ રહે છે. આવા સંજોગોમાં જાણભેદુ ગઠીયાઓ તકનો લાભ ઉઠાવી હાથફેરો કરી લેતા અપડાઉનકર્તાઓ પણ તસ્કરીનો ભોગ બની રહ્યા છે. લલ્ગનસરાની આ મોસમ દરમિયાન જ ગાંધીનગર ડેપોમાં ૧૫ થી વધુ મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બન્યા છે. એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે લગભગ

● અનુસંધાન પાન-૭ પર

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com